## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અરવલ્લીના બાયડના જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટની મુલાકાતે પહોંચ્યા

### મનોદિવ્યાંગજનો પ્રત્યે મુખ્યમંત્રીની આગવી સંવેદના




ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મૃદુ-મિતભાષી, સાદગીપૂર્ણ અને માનવીય સંવેદના સભર વ્યવહારથી ગુજરાતના જન-જનમાં 'આપણા ભૂપેન્દ્રભાઈ' તરીકે લોકચાહના મેળવતા રહ્યા છે. અરવલ્લીના બાયડ તાલુકાની જય અંબે મંદબુદ્ધિ મહિલા સંસ્થાની મનો દિવ્યાંગ બહેનોએ મુખ્યમંત્રીની આવી જ આગવી સહજ સંવેદનાની અનુભૂતિ ભૂપેન્દ્ર પટેલની આ સંસ્થાની પ્રત્યક્ષ મુલાકાતથી કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના પૂર્વનિર્ધારિત કાર્યક્રમ અનુસાર અરવલ્લીના પ્રવાસે હતા અને આ દરમ્યાન તેમણે ખાસ સમય ફાળવીને આ મનોદિવ્યાંગ મહિલા કેન્દ્રની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીએ સંસ્થાની મનોદિવ્યાંગ મહિલાઓ સાથે પિતૃ-વાત્સલ્યભાવથી વાતચીત કરી હતી.

તેમણે સંસ્થામાં મહિલાઓને અપાતી સુવિધાઓની વિગતો મેળવી હતી. આ સંસ્થાની એક એક જગ્યાની મુલાકાત લઈને સેવાકીય પ્રવૃતિઓની ઝિણવટપૂર્વક વિગતો તેમણે જાણી હતી. મુખ્યમંત્રીએ આ સંવેદનાસભર મુલાકાત દરમ્યાન સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવીને આનંદ વ્યકત કર્યો હતો. તેમણે મનોદિવ્યાંગ મહિલાઓ સંસ્થા સુધી કેવી રીતે પહોંચે છે તેની પણ વિસ્તૃત વિગતો ટ્રસ્ટીગણ પાસેથી મેળવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે સમાજમાં એવી ઘણી વ્યક્તિઓ છે કે જેમની ઉંમરના પ્રમાણમાં વિચારવાની શક્તિ અત્યંત ક્ષીણ હોય છે, આવા લોકોની દેખભાળ- સેવા એ સમાજની નૈતિક ફરજ છે. 'જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ' આવી મહિલાઓની સેવા દેખભાળ કરે છે, આવી સંસ્થાઓની કામગીરી અને મુલાકાત જનસેવાની નવી પ્રેરણા આપનારી બને છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે 'જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ' જેમનું કોઈ વાલી-વારસ ન હોય તેવા મનોદિવ્યાંગ લોકોને આશ્રમમાં લાવી તેમની દેખરેખ રાખે છે. રોડ-રસ્તા પર રખડતા-ભટકતા આવા લોકોને સરકારની અભયમ ટીમની મદદથી આશ્રમમાં લાવી તેમને આશ્રય અપાય છે.

# સમાજના નિર્માણમાં સભ્યતા, પરંપરા, આકાર, વિચાર, વ્યવહાર, સંસ્કાર મહત્વનો ભાગ ભજવે છે : મોદી

### સ્વામીનારાયણ મંદિર ખાતે ઘનશ્યામ મહારાજના ૧૮મો પાટોત્સવ : વડોદરાના કારેલીબાગના મંદિરના ઉત્સવમાં વર્ચ્યુઅલી સંબોધનમાં એક વર્ષ માટે ડિજિટલ કરન્સી અપનાવવા માટે યુવાનોને વડાપ્રધાનનું આહવાન

વડોદરા, તા.૧૯

વડોદરા શહેરના કારેલીબાગ સ્થિત શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે ઘનશ્યામ મહારાજના ૧૮ માં પાટોત્સવ નિમિતે તા.૧૬ થી ૨૨ મે સુધી સપ્તદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાલ- બાલીકા શિબિર, કથા-વાર્તા, ધુન-કીર્તન, જ્ઞાનગોષ્ઠી, પ્રેઝન્ટેશન તેમજ એકાંતિક ધર્મપોષક અનેકવિધ પ્રેરણાદાયી કાર્યક્રમો રજુ થઈ રહ્યા છે. દરમ્યાન આજે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓનલાઈન ઉપસ્થિત રહી સંબોધન કર્યુ હતુ.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતુ કે, સંસ્કાર શિબિરમાં લાખો લોકો જોડાયા છે. મને અવસર આપ્યો તે બદલ ધન્યતા અનુભવું છું. સમાજના નિર્માણમાં સભ્યતા, પરંપરા, આકાર, વિચાર, વ્યવહાર ,સંસ્કાર મહત્વનો ભાગ ભજવે છે. શિબિર થકી સ્પષ્ટતા સાથે નવી ઉર્જાનો સિંચઈ થતાં નવચેતના મહેસુસ થશે. એક તરફ ભારત દેશ આઝાદી નુ અમૃત મહોત્સવ મનાવી રહ્યું છે. બીજી તરફ નવા ભારત માટે સામૂહિક પ્રયાસ થઈ રહ્યો છે.આ સમયે શિબિરનું આયોજન વિશેષ સહકાર આપે છે. કોઈ પણ ક્ષેત્રમાં ચુનોતી સામે ભારત સન્માન સાથે આગળ ઉભું રહ્યું છે. ભારત દેશની સફળતા યુવાઓના સામર્થ્યનું સૌથી મોટું સાક્ષી છે. સારા સંસ્કાર અન્યનું પણ કલ્યાણ કરે છે. સંસ્કારી નગરી વડોદરામાં સંસ્કાર ઉત્સવ યોજાયો છે. આપણને દેશ માટે મરવાનું નહીં પણ જીવવાનું સૌભાગ્ય મળ્યુ છે. ત્યારે સમાજસેવી કાર્યો કરવા જોઈએ તે પણ દેશહિતમાં યોગદાન જ કાર્ય છે. એક વર્ષ માટે ડિજિટલ કરન્સી અપનાવી મોટી ક્રાંતિ અંગે નાનકડો પ્રયાસ કરવા યુવાનોને આહવાન કર્યુ હતું. સાથે એક વર્ષ દરમિયાન માત્ર ૭૫ કલાકનો સમય દેશમાં સેવાભાવી કાર્યો સંદર્ભે સંકલ્પ કરવા જણાવ્યું હતું. આ દરમિયાન તેમણે નાગાલેન્ડની ઉપર સસ્તા દરે દવાઓ મળે, વીજળી બચાવો જેવા અનેક કાર્યો દેશભક્તિ નું ઉદાહરણ છે. જન વળવાનો સંકલ્પ લઈએ. આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ પણ ઉપસ્થિત



દીકરીએ કાશીના ઘાટ સાફ કર્યા તે કિસ્સાને યાદ કર્યો હતો. પાણી બચાવો, વીજળી બચાવો જેવા અનેક કાર્યો દેશભક્તિ નું ઉદાહરણ છે. જન ઔષધી કેન્દ્ર ઔષધી કેન્દ્ર ઉપર સસ્તા દરે દવાઓ મળે છે આ સેવાઓ લોકો સુધી પહોંચાડો. ધરતી માતાની ચિંતા કરતા તેમને દવાઓ નહીં ખવડાવી પ્રાકૃત પ્રાકૃતિક ખેતી તરફ રહ્યા હતા. ભાજપ પ્રદેશ પ્રમુખ આર પાટીલે જણાવ્યું હતું કે, સંસ્કૃતિ ટકી રહે તેનો જશ સંત અને મહંતના ફાળે જાય છે. સંસ્કૃતિનો ફાયદો સંયુક્ત કુટુંબ ઉદાહરણ છે.

## ગાંધીનગર જિલ્લાના ખેડૂતોની જમીન અને પાણીનું પૃથ્થકરણ સેકટર- ૧૫માં આવેલી જમીન ચકાસણી પ્રયોગશાળા કરી આપશે

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગર જિલ્લાના ખેડૂતો પોતાની જમીન અને પાણીનું પૃથ્થકરણ કરાવી શકે તે માટેની સુવિધા મદદનીશ ખેતી નિયામકશ્રી દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના ખેડૂતો પોતાની જમીન અને પાણીનું પૃથ્થકરણ સેકટર- ૧૫ ખાતે જમીન ચકાસણી પ્રયોગશાળામાં કરાવી શકે છે. આ પ્રયોગશાળામાં જમીન અને પાણીના નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવે છે. જમીનના પૃથ્થકરણથી જમીનની તાસીર જાણી શકાય છે. તેમજ ખુટતા પોષક તત્વોની ખબર પડે છે. જેથી જરૂર પુરતાં ખાતરો આપવાથી ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે. અને પાક ઉત્પાદનનો ખર્ચ ઘટાડી શકાય છે.

જે ખેડૂતો પોતાની જમીન તથા પાણીનું પૃથ્થકરણ કરાવવા માંગતા હોય તો, યોગ્ય પધ્ધતિથી નમૂનો લઈ, મદદનીશ ખેતી નિયામકશ્રી, જમીન ચકાસણી પ્રયોગશાળા, સેકટર- ૧૫, ગાંધીનગર (ગ-૫ સર્કલની નજીક) ખાતે નમૂનો જમા કરાવવાનો રહેશે. પ્રયેક નમુના દીઠ ૧૫/- રૂપિયા ફી ચલણથી બેક્રમાં ભરવાની રહેશે. ત્યારબાદ નમુનાનું પૃથ્થકરણ કરી આપવામાં આવશે. મદદનીશ ખેતી નિયામકશ્રી, ગાંધીનગરે જિલ્લાના ખેડૂતો જમીન ચકાસણીનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

## શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાની ૧૫૫ મી પ્રાગટ્ય જયંતીની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૯

ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામી મહારાજની અનુજ્ઞાથી મોટેરા સદ્‌ગુરુ સંતો સદગુરુ ભગવત્પ્રિયદાસ સ્વામી, સદ્‌ગુરુ મહામુનીશ્વરદાસ સ્વામી, સદ્‌ગુરુ સર્વેશ્વરદાસ સ્વામી, સદ્‌ગુરુ શ્રી મુનિભૂષણદાસ સ્વામી વગેરે પૂજનીય સંતોએ નીડર સિદ્ધાંતવાદી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસ સ્વામીબાપાના પ્રાગટ્યનું મહિમાગાન, પૂજન, અર્ચન કરી નીરાજન આરતી ઉતારી હતી અને દેશ-દેશ હરિભક્તોએ દર્શનનો અણમોલો લહાવો લીધો હતો.

## આરટીઈ પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૨-૨૩ અંતર્ગત બીજા રાઉન્ડમાં આશરે ૬,૩૩૪ વિદ્યાર્થીઓને પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૯

આરટીઈ પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૨-૨૩ અંતર્ગત નબળા અને વંચિત જૂથનાં વિદ્યાર્થીઓ દ્વારા બીજા રાઉન્ડ માટે તા. ૧૨ થી ૧૪ મે-૨૦૨૨ દરમિયાન ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગી કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન આશરે ૬,૩૩૪ વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ પ્રવેશ અપાયો હતો. આ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ તા. ૨૩ મે-૨૦૨૨ સુધીમાં જે તે શાળામાં શાળા સમય દરમિયાન રૂબરૂ જઈ જરૂરી આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે એમ પ્રાથમિક શિક્ષણ નિયામકની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર આરટીઈ એક્ટ-૨૦૦૯ અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે ચાલુ વર્ષે આરટીઈ પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડમાં આશરે ૬૪,૪૬૩ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જેમાંથી નિયત સમયમર્યાદામાં ૫૮,૩૪૭ જેટલાં વિદ્યાર્થીઓએ પ્રવેશ નિયત કરાવ્યો હતો, જયારે ૧૩,૦૪૯ જગ્યાઓ ખાલી રહી હતી. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશથી વંચિત રહેલાં અને માન્ય અરજી ધરાવતા ૧,૧૧,૯૬૭ અરજદારોને પુનઃ પસંદગીની તક આપવામાં આવી હતી. જેમાંથી ૧,૦૩,૦૧૯ અરજદારોએ શાળાઓની પુનઃ પસંદગી કરી હતી જયારે ૮,૯૪૮ અરજદારોએ તેમને ફાળવેલ શાળાઓ યથાવત રાખી હતી.

બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા બાદ સમગ્ર રાજ્યમાં અરજદારોની પસંદગીના અભાવે ગુજરાતીમાં ૭૧૭, અંગ્રેજીમાં ૪,૭૦૬, હિન્દીમાં ૧,૧૮૪ અને અન્ય માધ્યમમાં ૧૦૮ એમ કુલ ૬,૭૧૫ જગ્યાઓ ખાલી રહી છે તેમ વધુમાં જણાવાયું છે.

મહત્વપૂર્ણ છે કે રાજ્યમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ૯,૯૫૫ જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં જુદાં-જુદાં માધ્યમમાં કુલ ૭૧,૩૯૬ જગ્યાઓ આરટીઈ હેઠળ ઉપલબ્ધ હતી.



વિક્રમ એ. સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટર – બાળકોના મનમાં વૈજ્ઞાનિક બનવાનું વિચારબીજ રોપતી સંસ્થા બની વટવૃક્ષ. તેમાં બાળકો વિજ્ઞાનનું જ્ઞાન મેળવી રહ્યા છે.

## રાજ્યના નગરો, મહાનગરોમાં ૪૫.૦૯ કરોડના પાણી પુરવઠા યોજનાના કામોને મંજૂરી

### પીવાનું પૂરતું પાણી પહોંચાડવા મુખ્યમંત્રીની પ્રતિબદ્ધતા : ભૂપેન્દ્ર પટેલે માંગરોળ, વંથલી, ઓખા અને માણાવદર નપામાં પાણી પુરવઠાના વિવિધ કામો મંજૂર કર્યા છે

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો, મહાનગરોમાં વસતા નાગરિકોને પીવાનું પાણી નિયમીત પણે પૂરતા પ્રમાણમાં મળી રહે તેવા જનહિતકારી હેતુ સાથે ૪ નગરોમાં પાણી પુરવઠા યોજનાના કુલ રૂ. ૪૫.૦૯ કરોડના કામોને એક જ દિવસમાં સૈદ્ધાંતિક મંજૂરી આપી છે

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માંગરોળ, વંથલી, ઓખા અને માણાવદર નગરપાલિકામાં પાણી પુરવઠાના વિવિધ કામો મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રીએ આ નગરોમાં હાલના બેઈઝ ઈયર મુજબ આગામી ૨૦૫૧-૫૨ ના વર્ષની અંદાજિત વસ્તીની પાણી જરૂરિયાત ધ્યાને રાખીને પાણી પુરવઠાની આ યોજનાઓ માટેની ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા રજુ કરાયેલી દરખાસ્તોને અનુમતિ આપી છે

રેંકૂસ દ્વારા મુખ્યમંત્રીશ્રી સમક્ષ જે ચાર નગરો માટે પાણી પુરવઠા યોજનાના કામોની દરખાસ્ત રજુ કરવામાં આવી હતી તેમાં માંગરોળ માટે રૂ. ૨૨.૬૪ કરોડ, વંથલી માટે રૂ. ૭.૨૧ કરોડ, ઓખા માટે રૂ. ૫.૬૯ કરોડ અને માણાવદર માટે રૂ. ૯.૫૫ કરોડના કામોનો સમાવેશ કરવામાં આવેલો છે

# કોંગ્રેસ માત્ર ૫-૭ લોકો જ ચલાવે છે : હાર્દિક પટેલ

### હાર્દિકે કોંગ્રસ સામે બળાપો કાઢતી વખતે વારંવાર પોતાને દુઃખ થયું હોવાનું ઉલ્લેખ કરીને વિવિધ મુદ્દાને રજૂ કર્યા

અમદાવાદ, તા.૧૯

હાર્દિક પટેલે કોંગ્રેસ માંથી રાજીનામું આપીને પાર્ટીને રામ રામ કહ્યા બાદ આજે કોંગ્રેસની પોલ ખોલી નાખી છે. હાર્દિકે કોંગ્રેસને માત્ર ૫-૭ લોકો ચલાવતા હોવાનું અને દિલ્હીના નેતાઓ સુધી વાત નહીં પહોંચાડવાનું કામ થતું હોવાનો આક્ષેપ મૂક્યો છે. આ સાથે હાર્દિકે પોતાની સાથે થયેલા અન્યાય અને પાર્ટીમાં તેની કદર ના થતી હોવાનું પણ જણાવ્યું છે. આ સાથે હાર્દિક પટેલે ગુજરાત કોંગ્રેસમાં પાછલા કેટલાક વર્ષોમાં પડેલી વિકેટોનો પણ ઉલ્લેખ કર્યો અને માત્ર હાર્દિક પટેલ નહીં પરંતુ હાર્દિક જેવા ઘણાં નેતાઓ કોંગ્રેસમાં છે કે જેમની સાથે અન્યાય થઈ રહ્યો છે તેમ જણાવ્યું હતું. હાર્દિક પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગુજરાતની સરકારના સારા કામ, ગુજરાતીઓ સાથે થયેલા અન્યાય સહિતના મુદ્દા પોતાની પ્રેસ કોન્ફરન્સમાં આવરી લીધા હતા. હાર્દિકે કોંગ્રસ સામનો પોતાનો બળાપો કાઢતી વખતે વારંવાર પોતાને દુઃખ થયું હોવાનું, દુઃખ સાથે કહેવું પડે છે તેવો ઉલ્લેખ કરીને વિવિધ મુદ્દાઓને રજૂ કર્યા હતા.

પ્રેસ કોન્ફરન્સની શરુઆતમાં હાર્દિક પટેલે ગઈકાલની રાજીનામાની વાત કરીને કહ્યું, ગઈકાલે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ ખુલ્લા મનથી, ખુલ્લા હૃદયથી આપની સાથે ચર્ચા કરવા માટે આવ્યો છું, ૨૦૧૫માં જયારે આંદોલનની શરુઆત કરી અને ત્યારથી ૨૦૧૯ સુધી મન ચોખ્ખું રાખીને ગુજરાતના લોકોના અધિકાર માટે કામ કર્યુ હતું. સરકારના વિરુદ્ધમાં જનતાના અધિકાર માટે લડ્યા હતા, યુવાનોની ભાવનાને જોડીને સવર્ણ સમાજને ૧૦ ટકા અનામત આપવાનું કામ કર્યુ હતું. હાર્દિકે કહ્યું કે, ગુજરાતમાં સત્તા અને પદ વગર કામ થઈ શકતું હોય તો સ્વાભાવિક છે કે રાજકારણમાં જવું જોઈએ અને આ જ હેતું સાથે હું કોંગ્રેસમાં જોડાયો હતો. કોંગ્રેસમાં જોડાયો ત્યારે એ સપનું હતું કે જે હિત સાથે

જે સપના સાથે કોંગ્રેસમાં આવ્યો છું, તે ગુજરાતના લોકોની વાત આક્રામકતા સાથે કરી શકીશ. ૨૦૧૭ અને ૨૦૧૫ની ચૂંટણીમાં વિપક્ષ હોય તો કંઈક થઈ શકે તેવા અવાજ સાથે અમે કોંગ્રેસને ફાયદો કરાવ્યો હતો.

ગુજરાતનું સારું થાય તે જ ભાવના સાથે ૨૦૧૯માં હું કોંગ્રેસમાં જોડાયો હતો. ૨૦૧૯થી ૨૦૨૨ સુધીના આ ત્રણ વર્ષના સમયગાળાની અંદર કોંગ્રેસને જાણી સમજ્યા ત્યારે ખબર પડી કે કોંગ્રેસની અંદર સૌથી મોટી જાતિવાદનું રાજકારણ છે. કાર્યકારી પ્રમુખની જવાબદારી માત્ર શોભાના ગાંઠીયા જેવી હોય છે. અન્ય રાજ્યોમાં કોંગ્રેસના કાર્યકારી પ્રમુખને જવાબદારીઓ સોંપવામાં આવે છે પરંતુ ગુજરાતમાં મને બે વર્ષ સુધી કોઈ જવાબદારી સોંપવામાં નહોતી આવી.

### જે.ના.હોસ્પિટલ ગઢને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં ટ્રસ્ટીએ મુલાકાત લઈ મેડીકલ સુવિધાઓ અંગે સમીક્ષા કરી



ગાંધીનગર,તા.૧૯

ગઢ ખાતે ૧૯૨૨ થી જૈન શ્રેષ્ઠીઓના અનુદાનથી કાર્યરત જેઠાલાલ નાનચંદ હોસ્પિટલ ને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં ટ્રસ્ટી જયંતિલાલ શાહ ( તંત્રી : પારસમણિ - મુંબઈ ) એ હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લઈ સ્ટાફ સાથે મેડીકલ સેવાઓ અંગે ચર્ચા વિચારણા કરી આગામી સમયમાં આ હોસ્પિટલમાં ગઢ વિસ્તારની જનતાને સસ્તા દરે સારી મેડીકલ સુવિધાઓ ઉપલબ્ધ થાય એવું આયોજન કરવા મુંબઈ સ્થિત ટ્રસ્ટી મંડળમાં રજુઆત કરવાની ખાત્રી આપી હતી.આ પ્રસંગે ગઢ અગ્રણી અને જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ અમૃતભાઈ દેસાઈ, હોસ્પિટલ વહીવટદાર કોમલબેન મોદી , મેડીકલ ઓફિસર ડો.તુલસીદાસ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યમાં કોરોનાના નવા ૧૯ કેસ

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં કોરોનાના નવા ૧૯ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૭ દર્દીઓ સાજા પણ થઇ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૬૮૫ દર્દી કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકા સુધી પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૩૫,૭૩૪ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૦૪ એક્ટિવ કેસ છે. જે પૈકી એક પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૨૦૪ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૩,૬૮૫ નાગરિકો હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે.

### પ્રશ્નોની ઝડીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વહીવટીય પાંખે હરફ પણ ન ઉચ્ચારતાં રાજકીય આશ્ચર્ય જિલ્લામાં પ્રસરી જવા પામ્યુ છે. માણસા તાલુકા પંચાયતની નાજુક આર્થિક સ્થિતિને લઈ પણ સેવવામાં આવેલા મૌનથી તાલુકામાં ગણગણાટ શરૂ થયો છે.

જિલ્લામાં ત્રીજીવાર પ્રવાસે આવેલા મુખ્યમંત્રી સમક્ષ જિલ્લાના મહત્વના પ્રશ્નો અંગે કોઈ રજુઆત થઈ નથી. મુખ્યમંત્રીએ પણ અધિકારીઓની બેઠકમાં રજુઆતકર્તાની રજુઆત અને લાગણી સમજી સૌને સાથે રાખી વિકાસને વેગીલો બનાવવાની સલાહ આપી હતી. હકારાત્મક અભિગમ એ સૌથી અગત્યનું છે તે દિશામાં સૌનો સહિયારો પ્રયાસ હોવો જોઈએ.

### માર્ગનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૨૨ માં આ સ્થિતિ વચ્ચે ત્રસ્ત બનેલા યુવાને ટ્રેકટર અને બ્લોકસ ભરેલી ટ્રક આડે ઈનોવા નાંખી દીધી હતી યુવાને આ વેળાએ બેફામ ગાળો પણ વરસાવી હતી. જયારે આ સ્થિતિ વચ્ચે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી જયારે આ દરમિયાન સ્થળ પર ટોળે વળેલા નાગરિકો પણ યુવાનના પક્ષમાં રહ્યા હતા. ગાંધીનગરને સ્માર્ટ બનાવવાની યોજના અન્વયે આમ નાગરિકોને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. આવા સંજોગોમાં જવાબદાર તંત્ર અને એજન્સી પણ યોગ્ય અભ્યાસના અંતે કામ કરે તો યોગ્ય રહેશે તેમ પણ સ્થાનિકોનો સુર છે.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

હાથમાં કરતાલ,અને એક વિશેષ ટોપી, એ એમની ઓળખ બની ગયાં..

'કાન્હડદે પ્રબંધ' એ નરસિંહ પહેલાંનું જૈન મુનિએ રચેલું ગુજરાતી પ્રથમ કાવ્ય...એ લેખિત યથાતથ છે..એની ભાષા બદલાઈ નથી. નરસિંહ કંઠોપકંઠના કવિ છે. એની રચનાઓ લોકમુખે ગવાતી સચવાઈ છે..એની રચવાની અધિકૃત લેખિત હસ્તપ્રત સૌ પ્રથમ ઈ.સ ૧૬૧૨ આસપાસની મળે છે..એનાં કાવ્યોની ભાષા અપડેટ થતી રહી છે..પણ મુળ કૃતિના ભાવો ,પ્રસંગો,અને બાંધણી એની એ જ ચાલતી રહી છે...ગુજરાતી કવિતામાં નરસિંહ એક વિસ્મય છે..

### આર્થિક સંકટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સિવાય જાન્યુઆરી ૨૦૨૨માં પાછલા ડિલિવરી માટે તે જહાજના ૫.૩ કરોડ ડોલરની રકમ બાકી છે. મંત્રીએ કહ્યુ કે, શિપિંગ કંપનીએ બંને ચુકવણી સુધી જહાજ છોડવાનો ઈનકાર કરી દીધો છે. તેમણે કહ્યું કે, આ કારણ છે કે અમે લોકોને વિનંતી કરી કે ઈંધણ માટે રાહ ન જુએ. ડીઝલને લઈને કોઈ સમસ્યા નથી. અમારી પાસે પેટ્રોલનો મર્યાદિત જથ્થો છે અને તે જરૂરી સેવાઓ વિશેષ રૂપથી એમ્બ્યુલન્સને વિતરિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વિજેસેકેરાએ કહ્યુ કે તમામ ફિલિંગ સ્ટેસનો પર પેટ્રોલ વિતરણ કરવામાં શુક્રવારથી ત્રણ દિવસ લાગશે. જૂનમાં શ્રીલંકાને ઈંધણ આયાત કરવા માટે ૫૩ કરોડ ડોલરની જરૂર પડશે. ભલે દેશને ભારતીય ઋણ સુવિધાનો લાભ મળે છે, ત્યારે પણ તેને બે વર્ષ પહેલાના દર મહિને ૧૫ કરોડ ડોલરની તુલનામાં ઈંધણ ખરીદી માટે ૫૦ કરોડ ડોલરથી વધુની જરૂર પડશે. શ્રીલંકાએ ઈંધણના પાછલા આયાત જથ્થા માટે ૭૦ કરોડ ડોલરથી વધુની રકમની ચુકવણી કરવાની છે. શ્રીલંકાના પ્રધાનમંત્રી પદેથી રાજીનામુ આપ્યા બાદ મહિન્દા રાજપક્ષે નવ દિવસ બાદ પ્રથમવાર બુધવારે સંસદની કાર્યવાહીમાં સામેલ થયા હતા. તેમના સમર્થકો તથા સરકાર વિરોધી પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસક ઘર્ષણ બાદ તેમણે રાજીનામુ આપવુ પડ્યું હતું. એએનઆઈ અનુસાર જરૂરી વસ્તુઓની કમી વચ્ચે ચીન દ્વારા શ્રીલંકામાં રાશન અપાયા બાદ વિદેશ સેવા અધિકારી સંગઠનમાં આક્રોશ પેદા થયો છે. તેમનું કહેવું છે કે વિદેશી અધિકારીઓને પ્રભાવિત કરવા માટે ચીન દાળ તથા ચોખા જેવા સૂકા રાશન વેચવાનો પ્રયાસ કરી રહ્યું છે. એક રિપોર્ટ પ્રમાણે શ્રીલંકાના ગામોમાં ચીની સરકાર તરફથી આપવામાં આવતા રાશનની બેગ પર ચીની કમ્યુનિસ્ટ પાર્ટીનું નિશાન છપાયેલું છે.

### સ્થગિત કરાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીફ જસ્ટિસે કહ્યું કે, અમે કાલે આ મામલે સુનાવણી કરીશું. ચીફ જસ્ટિસે પોતાના આદેશમાં કહ્યું કે, મુસ્લિમ પક્ષે આશંકા વ્યક્ત કરી છે કે, નીચલી અદાલતમાં કેસ ચાલી રહ્યો છે પરંતુ જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ સુનાવણી નહીં કરે ત્યાં સુધી નીચલી અદાલત સુનાવણી નહીં કરે. સુપ્રીમ કોર્ટે ત્યારબાદ કાલ સુધી વારાણસી કોર્ટની કાર્યવાહી પર રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટ હવે કાલે એટલે કે, શુક્રવારે ૩:૦૦ વાગ્યે જ્ઞાનવાપી મામલે સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તરત જ નીચલી કોર્ટના વકીલો અને સંબંધિત અધિકારીઓને કાર્યવાહી ન કરવા અંગે સૂચના આપી દેવામાં આવી છે.